# અમદાવાદમાં હાર્દિક પટેલનો વિરોધ

**પાટીદાર સમાજમાં ભંગાણની સ્થિતિથી ભાજપ ગેલમાં તો, કોંગ્રેસ ચિંતિત : પાટીદારોમાં જૂથબંધી સપાટી ઉપર**

અમદાવાદ,તા. ૨૯

ગુજરાત વિધાનસભા ચૂંટણી જેમ જેમ નજીક આવતી જાય છે, તેમ તેમ અમદાવાદ શહેર સહિત રોજ નવી નવી ઘટનાઓ અને રાજકીય સમીકરણો બદલાતા જાય છે. પાટીદાર અનામત આંદોલનને લઈ જે પાટીદાર યુવા નેતા હાર્દિક પટેલને પાટીદાર સમાજે હીરો બનાવી ખભે બેસાડયો હતો, તે જ હાર્દિક પટેલનો આજે અમદાવાદ શહેરમાં જોરદાર વિરોધ થયો હતો. શહેરના નિકોલ વિસ્તારમાં ખુદ પાટીદાર સમાજના સંખ્યાબંધ લોકો અને કાર્યકરો દ્વારા હાર્દિક પટેલ પાટીદાર સમાજનો ગદ્દાર...હાય..હાયના બેનેરો સાથે સૂત્રોચ્ચાર લગાવી હાર્દિક પટેલનો ઉગ્ર વિરોધ કર્યો હતો. પાટીદાર સમાજમાં ભંગાણની



સ્થિતિથી ભાજપ ગેલમાં આવી ગયું છે, તો બીજીબાજુ, કોંગ્રેસ ચિંતિત બન્યું છે. રેશ્મા પટેલ અને વરૂણ પટેલ ભાજપમાં જોડાયા બાદ અને હવે હાર્દિક પટેલના પણ વિરોધ બાદ પાટીદારોમાં જૂથબંધી સ્પષ્ટ રીતે સામે આવતી જાય છે. શહેરના નિકોલ વિસ્તારમાં આવેલી આરપી સવાણી સ્કૂલ પાસે આજે પાટીદાર સમાજના લોકો અને સંખ્યાબંધ કાર્યકરો ખૂબ મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. તેઓ હાથમાં હાર્દિક પટેલ પાટીદાર સમાજનો ગદ્દાર, હાય..હાય.. સહિતના વિરોધદર્શક બેનરો બતાવી હાર્દિક પટેલ સામે ઉગ્ર રોષ પ્રદર્શિત કરતા જોવા મળ્યા હતા. એટલું જ નહી, હાર્દિક પટેલની વિરૂધ્ધમાં ખુદ પાટીદાર સમાજના લોકોએ જ તે ગદ્દાર હોવાના જોરદાર સૂત્રોચ્ચાર પોકાર્યા હતા, જેને લઈ વાતાવરણ ગરમાયું હતું. પરિસ્થિતિ વધુ વણસે નહી તે હેતુથી અગમચેતીના પગલારૂપે સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને દેખાવકારોને શાંત પાડવાનો પ્રયાસ કર્યો હતો. અમદાવાદ શહેરમાં છેલ્લા બે દિવસથી હાર્દિક પટેલનો વિરોધ થઈ રહ્યો છે. રેશમા પટેલ અને વરૂણ પટેલે હાર્દિક પટેલને કોંગ્રેસનો એજન્ટ ગણાવી તેની પર અગાઉ ગંભીર આક્ષેપો કર્યા હતા અને હવે તેનો ખુલ્લો વિરોધ સામે આવી રહ્યો છે. જેથી હવે પાટીદાર ફેકટરનું રાજકારણ પણ ચૂંટણી ટાણે ગરમાયું છે. ગઈકાલે જ જામનગરમાં સ્થાનિક પાટીદાર યુવાનોએ એમ્યુઝમેન્ટ પાર્ક પાસે હાર્દિપ પટેલનું ઉઠમણું યોજવાનો અનોખો વિરોધ કાર્યક્રમ યોજયો હતો અને હાર્દિક પર તે પાટીદાર સમાજનો હાથા તરીકે ઉપયોગ કરી રાજનીતિ રમી રહ્યો હોવાના ગંભીર આક્ષેપો કર્યા હતા.

# ગાંધીનગરમાં પાંચમી જાન્યુઆરીથી યોજાશે ગ્લોબલ પાટીદાર સમિટ

ગાંધીનગર, તા. ૨૯

સરદારધામ વિશ્વ પાટીદાર કેન્દ્ર દ્વારા આગામી તા. ૫-૬-૭ જાન્યુઆરી-૨૦૧૮ દરમ્યાન ઐતિહાસિક ગ્લોબલ પાટીદાર તેમજ પૂર્વ આયોજન કાર્યક્રમ નં. ૨૭-એપીએમસી હોલ, ઊંઝા ખાતે આજે યોજવામાં આવ્યો હતો. જેમાં મહેસાણા, ઊંઝા, વિસનગર, પાટણ, સિદ્ધપુર તથા ઉત્તર ધાર્મિક અને સામાજિક આયોજનો હાથ ધર્યા છે પરંતુ સમાજના આર્થિક ઉત્થાન સમા એક કદમ સમૃદ્ધિ કી ઓર જેવો આ કાર્યક્રમ દેશ અને ગુજરાતમાં ઐતિહાસિક બની રહેશે.




સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. સમિટમાં કન્વેન્શન, એક્ઝિબિસન, બિઝનેસ સેમિનાર, બીરબી મીટીંગ્સ અને જોબફેરની વ્યવસ્થા કરવામાં આવશે. સમાજના નાના, મધ્યમ તથા મોટા ઉદ્યોગોના આંતરિક તેમજ વૈશ્વિક જોડાણને સમર્થન આપવુ, સમાજમાં નવાં ઉદ્યોગપતિઓ તૈયાર કરવા અને તેમને ઉપયોગી થવું તેમજ સમાજના શિક્ષિત યુવાનોને તાલીમબદ્ધ કરી તેમને સન્માન સાથે રોજગારી અપાવવી એ આ સમિટના મુખ્ય ઉદ્દેશો છે.

આ સમિટ માટે પૂર્વ આયોજન કાર્યક્રમ નં. ૨૬-કોમ્યુનિટી હોલ, જીઆઈડીસી-૧, મહેસાણા ખાતે ગુજરાતના ૧૫૦૦થી વધુ અગ્રણી ઉદ્યોગપતિ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ટીમ સરદારધામના ટી.જી. ઝાલાવાડીયા, નટુભાઈ પટેલ, જશુભાઈ પટેલ, મંગળભાઈ પટેલ, કે.આઈ. પટેલ, કાંતિભાઈ ગઢિયા, કાંતિભાઈ ઉકાણી, મધુભાઈ ડોબરીયા, પ્રકાશભાઈ વરમોરા, મનોજભાઈ ડોબરીયા, સંજયભાઈ સાવલીયા, કમલેશભાઈ ગોંડલીયા તેમજ ડૉ. જાગૃતિબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ અંગેની માહિતી આપતા સરદાર ધામના પ્રમુખ સેવક ગગજી સુતરીયાએ જણાવ્યુ કે સમાજે ઘણા સરદારધામ વતી તેમણે તમામ પાટીદાર ભાઈઓ-બહેનોને આ સમિટમાં સહભાગી થવા આમંત્રણ આપ્યું હતું. ત્યારબાદ આયોજકો દ્વારા માહિતીસભર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. જેમાં હાજર મહેમાનોએ સમિટ વિશે વિગતવાર જાણકારી મેળવી હતી. મહેસાણા, ઊંઝા તથા ઉત્તર ગુજરાતના પાટીદાર સમાજ તરફથી આ વિકાસલક્ષી આયોજનને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો હતો. સરદારધામ દ્વારા યોજાનાર સમિટમાં ત્રણ લાખથી વધુ તથા ૩૨ દેશોમાંથી દસ હજાર જેટલા બિઝનેશ ડેલીગેટ્સના આગમન માટે તૈયારી કરવામાં આવી રહી છે.

# દ.ગુજરાતનો પ્રવાસ રાહુલ ગાંધી જંબુસરથી શરૂ કરશે

અમદાવાદ,તા. ૨૯

સૌરાષ્ટ્ર ઝોન અને મધ્ય ગુજરાતના ચૂંટણી પ્રવાસ બાદ હવે દક્ષિણ ગુજરાતના ચૂંટણી પ્રવાસ માટે રાહુલ ગાંધી તા.૧લી નવેમ્બરે ફરી ગુજરાતની મુલાકાતે આવવાના છે. રાહુલ ગાંધી તેમના દક્ષિણ ગુજરાતના પ્રવાસની શરૂઆત ભરૂચ જિલ્લાના જંબુસર ખાતેથી કરવાના છે. તો, પારિદામાં રોડ-શો યોજશે. આ સિવાય વ્યારાથી ડોલવણ સુધી પણ રાહુલ ગાંધી વિશાળ રોડ-શો યોજી લોકોની વચ્ચે રહેશે. નવસારી અને સુરતમાં પણ રાહુલ ગાંધીની વિશાળ જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું છે. દક્ષિણ ગુજરાતના ચૂંટણી પ્રવાસ દરમ્યાન રાહુલ ગાંધી લોકો સાથે સીધો સંવાદ યોજશે અને ખાસ કરીને મહિલાઓ, ખેડૂતો અને બેરોજગાર યુવાનોની વ્યથા સાંભળશે. સુરતના છેલ્લા કાર્યક્રમને આટોપી તેઓ સુરતથી જ દિલ્હી જવા પરત ફરશે. કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી તા.૧થી ૩ નવેમ્બર દરમ્યાન દક્ષિણ ગુજરાતના તેમના ત્રીજા તબક્કાના ચૂંટણી પ્રવાસમાં ૪૫૦ કિલોમીટરથી વધુનો પ્રવાસ ખેડે તેવી શકયતા છે. દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાઓ અને મહાનગરોની તેઓ મુલાકાત લેશે. સુરતના પાટીદારોના ગઢ ગણાતા એવા પૂર્વ વિસ્તારમાં રાહુલ ગાંધી વિશાળ જાહેરસભા સંબોધશે. આ સિવાય રોડ-શો, લોકસંવાદ અને રૂબરૂ માલાકાત દ્વારા તેઓ પ્રજાની વચ્ચે રહી કોંગ્રેસ તરફી લોકજુવાળ ઉભો કરશે. ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં રાહુલ ગાંધીએ આ વખતે પોતાના ચૂંટણી પ્રવાસ દરમ્યાન હિન્દુત્વનું કાર્ડ ખેલી દેવદર્શન અને મંદિરોમાં ભજન, ગાયોને ચારો ખવડાવી જનસમુદાયનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તો, ભાજપે પણ રાહુલ ગાંધીના હિન્દુત્વના મુદ્દા પર ટીકાત્મક નિવેદનો કર્યા છે. જો કે, રાહુલ ગાંધી દક્ષિણ અને ઉત્તર ગુજરાતના ચૂંટણી પ્રવાસ દરમ્યાન



પણ મહત્તમ દેવ દર્શન અને ગરીબ અને પછાત મહિલાઓ અને યુવાનો સાથે લોકસંવાદ યોજી જાહેરસભાઓ, રોડ-શો અને પ્રશ્નોત્તરી કાર્યક્રમો યોજી પોતાનું ચૂંટણી પ્રચાર અભિયાન ચાલુ રાખવા મક્કમ છે. રાહુલ ગાંધીના સૌરાષ્ટ્ર ઝોન અને મધ્ય ઝોનના ચૂંટણી પ્રવાસની જબરદસ્ત સફળતા અને સાંપડેલા અભૂતપૂર્વ લોકસમર્થન બાદ ગુજરાત કોંગ્રેસમાં જોરદાર ઉત્સાહ અને ઉર્જાનો સંચાર થયો છે અને તેથી હવે દક્ષિણ ગુજરાતના ચૂંટણી પ્રવાસ દરમ્યાન રાહુલ ગાંધીના ખાસ રોડ-શો, જાહેરસભા અને લોકસંવાદ કાર્યક્રમોનું કોંગ્રેસ દ્વારા આયોજન કરાયું છે. આ માટે આવતીકાલે દક્ષિણ ગુજરાતના કોંગ્રેસના નેતાઓ અને આગેવાનોની એક મહત્વની બેઠક પણ કોંગ્રેસે બોલાવી છે, જેમાં રાહુલ ગાંધીના પ્રચાર પ્રવાસને લઈ ખાસ માર્ગદર્શિકા અને રણનીતિ તૈયાર કરવામા આવશે.

રાહુલ ગાંધી તેમના દક્ષિણ ગુજરાતના પ્રવાસ દરમ્યાન ડાંગના સુપ્રસિધ્ધ શબરીધામ મંદિર, ઉનાઈમાં ઉનાઈ માતાના મંદિર સહિતના ધાર્મિકસ્થાનોના દર્શન કરે તેવી પણ શકયતાઓ છે. રાહુલ ગાંધી આ વખતે પણ કેન્દ્રની મોદી સરકાર અને ગુજરાતની ભાજપ સરકાર પર નોટબંધી, જીએસટી ઉપરાંત, બેરોજગારી, ખેડૂતો, મહિલાઓ સહિતના મુદ્દે આકરા પ્રહારો કરે તેવી શકયતા છે. દક્ષિણ ગુજરાતના પ્રવાસ બાદ છેલ્લે રાહુલ ગાંધી ૪થા તબક્કામાં ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં ફરી ચૂંટણી પ્રચાર કરશે.

# ડૉ.મનમોહન સહિતના નેતા ગુજરાતની મુલાકાતે આવશે

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ટાણે જ વર્તમાન ભાજપ સરકાર એક પછી એક વિવાદોમાં ફસાઈ રહી છે, જેનો સીધો ફાયદો કોંગ્રેસને થઈ રહ્યો છે. કોંગ્રેસને સરકાર પર માછલાં ધોવાનો મોકો મળી ગયો છે. નોટબંધી, જીએસટી સહિતના મુદ્દાઓ તો કોંગ્રેસ માટે પહેલેથી જ હુકમના એક્કા જેવા લોકોમાં વટાવવા માટેના હતા પરંતુ એ પછી તાજેતરમાં પાટીદારોને ખરીદવાના ભાજપના પ્રયાસના પર્દાફાશ, બારોબાર વિકાસ પરવાનગી આપવાના રૂ.૫૦૦ કરોડના કૌભાંડ અને હવે સિવિલ હોસ્પિટલમાં ૨૦ જેટલા નવજાત શિશુઓના મોતની ઘટનાઓ કોંગ્રેસ માટે તો, સળગતા મુદ્દાઓ હાથમાં લાગી ગયા જેવી સાબિત થઈ છે. કોંગ્રેસે ઉપરોક્ત તમામ મુદ્દે ભાજપ અને મોદી સરકારને ઘેરી લીધી છે અને હવે કોંગ્રેસ તેના માસ્ટર સ્ટ્રોકના ભાગરૂપે આગામી દિવસોમાં તેના દિગ્ગજ રાષ્ટ્રીય નેતા અને પૂર્વ વડાપ્રધાન ડો.મનમોહન સિંહ સહિતના દિગ્ગજ નેતાઓને મેદાનમાં ઉતારવા જઈ રહી છે. કોંગ્રેસ પક્ષ દ્વારા ગુજરાત વિધાનસભા ચૂંટણી પહેલા ખાસ કરીને રાજયસભાની એહમદ પટેલની જીત બાદ જે પ્રકારે કોંગ્રેસમાં નવી ઉર્જા અને નવા પ્રાણ ફુંકાયા એ પછી સરકારને વિવાદમાં ફસાવતી એક પછી એક ચાલુ રહેલી ઘટનાઓને લઈ ગુજરાતમાં અચાનક કોંગ્રેસની તરફેણમાં વ્યાપક લોકજુવાળ ઉભો



થયો, જેને લઈ કોંગ્રેસમાં ખરેખર આ વખતે ચૂંટણી જીતવાની આશા જન્મી છે. નહી તો, છેલ્લા ૨૨ વર્ષોથી ભાજપના એકચક્રી શાસનથી કોંગ્રેસ જાણે હિંમત જ હારી ગઈ હતી કે, તેઓ ચૂંટણી જીતી શકે જ નહી પરંતુ આજે અચાનક પરિસ્થિતિ અને સંજોગો બદલાયા છે. ભાજપના વિવાદો અને વિવાદીત નિર્ણયો સામે કોંગ્રેસ માટે સારુ વાતાવરણ પેદા થયું છે. આ સંજોગો અને પરિસ્થિતિનો લાભ વિધાનસભા ચૂંટણીમાં પૂરી તાકાતથી ખાટી લેવા માટે કોંગ્રેસે તેની ખાસ વ્યૂહરચનાના ભાગરૂપે નવેમ્બર મહિનામાં કોંગ્રેસના દિગ્ગજ રાષ્ટ્રીય નેતાઓને ગુજરાત રાજયમાં ચૂંટણી પ્રચાર અર્થે ઉતારવાનું આયોજન હાથ ધર્યું છે. જેમાં તા.૭મી નવેમ્બરે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ ગુજરાતની મુલાકાતે આવશે તો, તા. ૬થી ૯ દરમ્યાન સામ પિત્રોડા ગુજરાતનો પ્રવાસ કરશે. તા.૧૮ અને ૧૯ નવેમ્બર દરમ્યાન કોંગ્રેસના સિનિયર નેતા શશી થરૂર પણ ગુજરાતની મુલાકાત લેવાના છે. તો આ સિવાય કોંગ્રેસ દ્વારા તેમના યુવા નેતા જયોતિરાદિત્ય સિંધિયા, આનંદ શર્મા અને પંજાબમાં તાજેતરમાં કોંગ્રેસને જીત અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવનાર નવજોતસિંહ સિધ્ધુને પણ પ્રચારાર્થે બોલાવવાનું આયોજન થઈ રહ્યું છે. આમ કોંગ્રેસ દ્વારા આગામી દિવસોમાં તેના તમામ દિગ્ગજોને ચૂંટણીના રણમેદાનમાં પ્રચારાર્થે ઉતારી વિધાનસભા ચૂંટણીને લઈ કોંગ્રેસ તરફી મોટાપાયે લોકજુવાળ ઉભો કરવાની આ વ્યૂહરચના તૈયાર કરવામાં આવી છે.

# શ્રી કાંકરેજ યુવા રાજપૂત જાગીરદાર દ્વારા રાનેર મુકામે દિવાળીનું સ્નેહમિલન યોજાયુ

કાંકરેજ, તા. ૨૯

કાંકરેજ તાલુકાના રાનેર માધ્યમિક હાઈસ્કૂલમાં શ્રી કાંકરેજ ભેટ સ્વરૂપે ૫૦૦૦ રોકડા પગે મુકવામાં આવ્યા હતા. ત્યારબાદ મુંડેઠા યુવક મંડળ રાજપુત જેમને પૂરમાં પુરો પાડવા બદલ મહાકાલ સેના કાંકરેજનું પણ સન્માન કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ કાંકરેજનું વડા



વિભાગ યુવા રાજપુત કેળવણી મંડળ દ્વારા દિવાળીનું સ્નેહમિલન રાખવામાં આવ્યુ હતુ. જેમાં ગોતરકા આશ્રમમાંથી નિજાનંદજી બાપુને આશીર્વાદ માટે બોલાવવામાં આવ્યા હતા. જયાં રાનેર આચાર્ય શ્રી માનસંગજી દ્વારા નિજાનંદજી બાપુને ભાઈ-બીજ નિમિત્તે અશ્વદોડમાં ગુજરાતમાં અનોખુ સ્થાન મેળવ્યુ છે. તે બદલ બાપુ નિજાનંદજીના હાથથી સન્માનપત્ર આપવામાં આવ્યુ હતુ. ત્યાર બાદ મહાકાલ સેના દ્વારા કસાઈ ખાતે જતી ગાયો બચાવવા તેમજ માંદી ગાયો અને ઘાસચારો ગામમાં આવેલ ઢર્ટાસુણ હનુમાન મંદિરમાં કાળીચૌદશના દિવસે સમસ્ત વડા ગામના રાજપુત યુવાનો પોતાની રોજગાર-ધંધા બંધ રાખીને હનુમાન દાદાના મેળાની વ્યવસ્થા જાળવવા બદલ સમસ્ત વડા ગામના યુવાનોનું સન્માનપત્ર આપવામાં આવ્યું હતું.

## વોર્ડની તપાસ... ● ત્રીજા પાનાનું ચાલુ

સ્ટાફને રાઉન્ડ ધ કલોક ફરજ પર રાખીને ઓકસીજનની લોગબુક પણ મેઈન્ટેઈન કરવામાં આવે છે. ત્યારે અમદાવાદમાં તાજેતરમાં એક દિવસમાં નવ જેટલા બાળકોના મોતનો બનાવ માટે આવતા ગાંધીનગર સિવિલના સત્તાધિશો પણ ચોંકી ઉઠ્યા હતા. ત્યારે પીડીયાટ્રીક વિભાગને આવી કોઈ ઘટના ગાંધીનગર સિવિલમાં ન થાય તે માટે સતર્ક કર્યા હતા. જયા નવજાત બાળકને રાખવામાં આવે છે તે એનઆઈસીયુ વોર્ડમાં ૨૪ કલાક ડોકટર હાજર હોય છે તે ઉપરાંત વોર્ડમાં કામ કરતો નર્સિંગ સ્ટાફને પણ ખાસ ટ્રેનીંગ આપવામાં આવી હોય છે.તેવો સ્ટાફ જ અદ્યતન બાળકોના વોર્ડમાં ફરજ બજાવે છે.

## પક્ષોમાં મથામણ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એમ મનાય છે. કોંગ્રેસમાં નિશીત વ્યાસની પસંદગી નિશ્ચિત મનાય છે. સાથોસાથ કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો અને પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાનું નામ પણ એટલુ જ ચર્ચામાં ચાલે છે. ડૉ. સી.જે. ચાવડા પણ વ્યૂહરચનાઓથી ચૂંટણી જીતવામાં માહિર ગણાતા હોવા છતાં બે વખત પરાજયનો સામનો કરવો પડેલ છે. તેમને ગાંધીનગર સિવાય પણ હિંમતનગર અને વિજાપુર માટે પણ ટીકીટ માંગી છે. કોંગ્રેસમાં પાટીદાર અનામત આંદોલન સમિતિના વધતા વજનના પગલે શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ મુકેશ પટેલનું નામ પણ જોરશોરથી ચર્ચાય છે. પાટીદાર આગેવાનોના દાવા મુજબ જિલ્લામાં એક બેઠક પાસને ફાળવવી જોઈએ અને એમાં મુકેશ પટેલની લોટરી લાગી જશે તેવુ પણ ચર્ચાય છે. આ ઉપરાંત કોંગ્રેસમાં વાસનના વિરેન્દ્રસિંહ (અજીતસિંહ વાઘેલા) પણ પ્રબળ દાવેદાર છે. જિલ્લા પંચાયતથી રાજકીય કારકિર્દી શરૂ કરનાર અજીતસિંહ કોંગ્રેસમાં ઉચ્ચકક્ષાએ સંપર્કો ધરાવે છે અને ગ્રામીણ યુવાનોમાં લોકપ્રિય છે.

ગાંધીનગર ઉત્તરની ઉમેદવારની પસંદગી બન્ને પક્ષ માટે શિરદર્દ બની છે. જ્ઞાતિ સમીકરણોની સાથોસાથ જીતી શકે તેવા ઉમેદવારોની પસંદગી પણ અઘરી બની છે. લોકપ્રિયતામાં બધાજ ઉમેદવાર લગોલગ છે. દરેકના દાવાઓને પ્રતિદાવાઓથી કોકડુ દિવસે દિવસે ગુંચવાતુ જાય છે. આગામી દિવસોમાં ચિત્ર સ્પષ્ટ બનશે.

## હું દેશને... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પંજો છે જે ૧ રૂપિયાને ૧૫ પૈસા બનાવી દે છે. અમે નક્કી કર્યું છે કે દિલ્હીથી એક રૂપિયો નીકળશે તે ગરીબને ૧૦૦ પૈસા પહોંચશે. હવે દેશમાં ઈમાનદારનો યુગ શરૂ થયો છે.

અમે અમારા માટે જીવવાનું નથી શીખ્યું અમે નાનપણથી જ બીજા માટે જીવન જીવતા શીખી રહ્યાં છીએ.''

ગત સપ્તાહે કેદારનાથ ગયો હતો. મોદીએ કર્ણાટકમાં સભા સંબોધતા કહ્યું કે, ''મારૂ સૌભાગ્ય છે કે આજે ભગવના મંજૂનાથની સાથે તમારા સૌના દર્શન કરવાનો પણ મોકો મળ્યો. ગત સપ્તાહે હું કેદારનાથ ધામ ગયો હતો. આજે દક્ષિણના આ પ્રસિદ્ધ મંદિરમાં આવ્યું છે.

પીએમએ કહ્યું કે, ''હું જ્યારે જ્યારે ડોકટર વીરેન્દ્ર હેગડેને મળ્યો ત્યારે તેમના ચહેરા પર કામનો બોજ કદીપણ જોવા ન મળ્યો. જ્યારે હું તેમનું સન્માન કરતો હતો ત્યારે તેઓએ કહ્યું કે આ ૫૦ વર્ષ પૂર્ણ થયા તેની ખુશી નથી આજે વિશ્વના દરેક ખૂણે સ્કિલ ડેવલપમેન્ટની ચર્ચા થાય છે. ભારતમાં લાખો લોકો ૩૫ વર્ષથી નાની ઉંમરના લોકો છે. સ્કિલ ડેવલપમેન્ટથી આપણે વિશ્વની જરૂરિયાતને પૂર્ણ કરીશું. ડો.હેગડેજીએ આ કામને વર્ષો પહેલાં પૂર્ણ કરી દીધું હતું.

વડાપ્રધાને કહ્યું કે, ''આપણાં તીર્થસ્થળો કેવાં જોઈએ. જેવી રીતે આનો વિકાસ થયો હોવો જોઈએ તે રીતે નથી થયો.હું દેશ-દુનિયાની મોટી મોટી યુનિવર્સિટીને આમંત્રણ આપુ છું કે જેવી રીતે આપણે હોસ્પિટલ, ઈનસ્ટિટ્યૂટની રેકિંગ કરીએ છીએ તેવી જ રીતે ધર્મસ્થળો અને વર્ષો જૂનાં વિરાસતનો અભ્યાસ કરે.''

મોદીએ કહ્યું કે, ''આપણે ત્યાં પોતાને તીસમાર ખાં ગણાવનારાઓ ગૃહમાં કંઈજ બોલતા હતા કે ઈન્ડિયા ડિજીટલ કઈ રીતે બનેશ, લોકોની પાસે ફોન નથી, એટીએમ કાર્ડ નથી. પરંતુ આજે ડો.હેગડેજીએ લોકોને જવાબ આપી દીધો છે. અહીંના ૧૨ લાખ લોકોએ સંકલ્પ લીધો છે કે તેઓ પોતાનો વ્યવસાય કેસલેસ કરશે. રૂપે કાર્ડ અને ભીમએપથી કરશે.''

હવે ડિજીટલ કરન્સીનો યુગ શરૂ થઈ ગયો છે, મેં જોયું છે કે વધુ કેસ સામાજિક ખરાબીઓને ખેંચી લાવે છે. પરિવારમાં પણ લોકો જુએ છે કે બાળકો પાસે વધુ કેસ ન હોવી જોઈએ નહીંતર તેઓ રસ્તો ભટકી જાય છે. આજે જે દિશામાં હેગડેજી આપણને લઈ જાય છે તે એક રીતે મહામાર્ગ છે.

પીએમ મોદીએ પી.ચિદમ્બર પર નિશાન સાધતાં કહ્યું કે, ''ખબર નહીં કેમ કોંગ્રેસના કેટલાંક નેતાઓ કાશ્મીરમાં આઝાદીની માગ કરતા લોકોની તરફદારી કરે છે. કાશ્મીરની આઝાદી સાથે પોતાનો સૂર મેળવી રહ્યાં છે. વધુમાં કહ્યું કે, ''કોંગ્રેસના નેતાનું ગઈકાલનું નિવેદન જણાવે છે કે તેમની પાર્ટી સર્જિકલ સ્ટ્રાઈક અને સેનાની બહાદુરી અંગે શું વિચારે છે. જેઓ કાલે સત્તામાં હતા તે આજે યુટર્ન લઈ રહ્યાં છે અને શરમ નેવે મુકીને નિવેદનો આપે છે.

વડાપ્રધાને વધુમાં કહ્યું કે, ''કોંગ્રેસને આ પ્રકારના નિવેદનનો જવાબ આપવો પડશે. અમે દેશની એકતા અને અખંડતાની સાથે સમજૂતી નહીં કરીએ અને તેમ કરવા પણ નહીં દઈએ. પીએમએ કોંગ્રેસ પરના પ્રહાર તેજ કરતાં કહ્યું કે, ''શું આવા લોકો દેશના જવાનોના બલિદાન પર પોતાની રાજનીતિ કરે છે. શું આવા લોકોથી દેશનું ભલું થશે? કોંગ્રેસ શરમ વગર તે ભાષાનો પ્રયોગ કરે છે જે કાશ્મીરની ધરતી પર અલગતાવાદીઓ કરે છે, જે પાકિસ્તાનમાં બોલવામાં આવે છે.

## બાળકના મોત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સફાળે જાગેલી સરકાર એક્શન મોડમાં આવી છે. આજે સરકાર દ્વારા આ સમગ્ર મામલાની તપાસ કરવાની જાહેરાતની સાથે જ એક કમિટિ બનાવીને એક સપ્તાહની અંદર રિપોર્ટ સબમિટ કરવા કહેવાયું છે. છેલ્લા ૨૪ કલાકની અંદર વધુ બે નવજાત શિશુઓના મોત થતાં છેલ્લા ચાર દિવસની અંદર કુલ મળીને ૨૦ બાળકોના મોત થવા પામ્યા છે. રાજય સરકારે બાળકોના મોતને મામલે મેડિકલ એજ્યુકેશનના ડેપ્યુટી ડાયરેકટરની આગેવાનીમા તપાસ કરાવવાનો નિર્ણય કર્યો છે.આ અંગેની વિગત એવી છે કે,અમદાવાદ શહેરના અસારવા વિસ્તારમા આવેલી એશિયાની સૌથી મોટી હોસ્પિટલ તરીકેનુ બિરૂદ મેળવી ચુકેલી રાજય સરકાર હસ્તકની સિવિલ હોસ્પિટલમાં ગત શુક્રવારની મધરાતથી શનિવાર રાત સુધીમા ઓછામા ઓછા નવ નવજાત બાળકોના મરણ થવા પામ્યા હતા.બીજી તરફ આ જ હોસ્પિટલમાં છેલ્લા ચાર દિવસની અંદર કુલ મળીને ૨૦ જેટલા બાળકોના મરણ થવા પામ્યા હોવાનુ હોસ્પિટલના સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.સિવિલ હોસ્પિટલમા આટલી મોટી સંખ્યામા નવજાત બાળકોના નિપજેલા મોતના અહેવાલો માધ્યમો દ્વારા બહાર આવતાની સાથે જ રાજય સરકાર ઉપર આ મામલે ભારે દબાણ આવતા જ હવે આ મામલે રાજય સરકાર દ્વારા તપાસ કરાવવાનો નિર્ણય કરવામા આવ્યો છે.સરકાર તરફથી જારી કરવામા આવેલા એક નિવેદનમા આજે કહેવામા આવ્યુ છે કે,કયા સંજોગોમા આ બાળકોના મરણ થવા પામ્યા છે તે વિશે તપાસ કરવાનો આદેશ આપવામા આવ્યો છે.સરકાર દ્વારા આ મામલે મેડીકલ એજ્યુકેશનના ડેપ્યુટી ડાયરેકટર આર.કે.દીક્ષિતની આગેવાની હેઠળ એક કમિટીની રચના કરવામા આવી છે. આરકે દિક્ષીતની સાથે કમિટિમાં એક પિડિયાટ્રિશિયન અને એક ગાયનેકોલોજિસ્ટનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

## વિરાટ સિદ્ધિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૯૪ ઈનિંગ્સમાં કોહલીએ ઉલ્લેખનીય સિદ્ધિ મેળવી છે. આ પહેલા સૌથી ઝડપી ૯૦૦૦ રન બનાવવાનો રેકોર્ડ આફ્રિકાના ડિવિલિયર્સના નામે હતી. ડિવિલિયર્સે ૨૦૫ ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી હતી. ભારત તરફથી સૌથી ઝડપી ૯૦૦૦ રન બનાવનાર બેટ્સમેનોની વાત કરવામાં આવે તો પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીનું નામ સૌથી પહેલા આવે છે. કોહલી પહેલા ગાંગુલીએ ૨૨૮ ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી હતી જ્યારે તેંડુલકરે ૯૦૦૦ની કલબમાં સામેલ થવા ૨૩૫ ઈનિંગ્સ રમી હતી. વિરાટ ભારત તરફથી ૯૦૦૦ રન કરનાર છઠ્ઠા બેટ્સમેન તરીકે છે. વિરાટ કોહલીએ ચોગ્ગો ફટકારીને પોતાના અંદાજમાં આ સિદ્ધિ હાસલ કરી હતી. કોહલીથી પહેલા ભારત તરફથી પૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ આ સિદ્ધિ મેળવી હતી. સચિન તેંડુલકર, રાહુલ દ્રવિડ, સૌરવ ગાંગુલી, અઝહરુદ્દીન ૯૦૦૦ રનની કલબમાં સામેલ છે. આ મેચમાં સદી ફટકારનાર કોહલી દુનિયાના ૧૯માં બેટ્સમેન તરીકે છે જે વનડે ક્રિકેટમાં ૯૦૦૦ રન કલબમાં સામેલ છે. એક વર્ષમાં સૌથી વધારે રન બનાવવાના મામલામાં ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગને પણ વિરાટે પાછળ છોડી દીધો છે.

## રોક લગાવવા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવી હતી. પરંતુ આ ઠેકાણે રીક્ષા સ્ટેન્ડ બનાવાની વાત હવા થઈ ગઈ છે. જેના લીધે આજે પણ માર્ગ વચાળે જ રીક્ષાઓ પાર્ક થયેલી જોવા મળે છે. નગરના મુખ્ય માર્ગો પર આડેધડ રીક્ષાઓ ખડકી દેવાતા માર્ગ સલામતી જોખમાઈ છે. બીજીતરફ પ્રદુષણ ઓકતી રીક્ષાઓ સામે પણ કોઈ પગલા લેવાયા નથી. સેકટરોમાં ફરતી રીક્ષાઓ કાળા ડીબાંગ ધુમાડા કાઢતા હરિયાળા નગરનુ વાતાવરણ પ્રદુષિત થઈ રહયુ હોવાનો પણ રોષ પ્રબળ બન્યો છે. પરંતુ પ્રદુષણ ઓકતી રીક્ષાઓ પર રોક લગાવવા માટે કોઈ કાર્યવાહી ન થતા આમ નાગરિકોનો રોષ પ્રબળ બન્યો છે. હમણાં થોડા દિવસો અગાઉ જ મહાનગરપાલિકા દ્વારા મહીલાઓ માટે પીન્ક રીક્ષાનો પ્રોજેકટ શરૂ કરાયો છે. જે આવકારદાયક છે. પરંતુ નગરમાં રીક્ષા સ્ટેન્ડ સહીત પ્રદુષણનુ કારણ બનેલી રીક્ષાના ચાલકો દ્વારા બેફામ ભાડા વસુલી પણ કરવામાં આવી રહી છે. રીક્ષામાં મીટર પધ્ધતિનો અમલ થઈ શક્યો નથી. વર્ષો અગાઉ મીટર પધ્ધતિના અમલ મામલે રીક્ષાઓ ડીટેઈન કરવા સુધીના પગલા લેવાયા હતા. પરંતુ રીક્ષા સ્ટેન્ડનો પ્રશ્ન હજુ ઉકેલાયો નથી.